# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-08-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે જાપાન અને ચીનના પ્રવાસ માટે રવાના થશે.**
2. **સરકારે કાચા કપાસની આયાત પર કરમુક્તિ 31 ડિસેમ્બર સુધી વધારવાનો નિર્ણય કર્યો.**
3. **અર્જેન્ટિના આ ભારતીય નાગરિકો માટે પ્રવેશ નિયમ હળવા કર્યા.**
4. **છત્તીસગઢ, કર્ણાટકના દરિયાકાંઠા, મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળ પર આજે ભારે વરસાદની આગાહી.**
5. **ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનનંદા ગ્રાન્ડ ચેસ ટૂર ની ફાઈનલમાં.**

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM JAPAN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 15-મા ભારત —જાપાન વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેવા આજે સાંજે જાપાન અને ચીનનાં પ્રવાસ માટે રવાના થશે. પ્રધાનમંત્રીનો જાપાનનો આઠમો પ્રવાસ હશે. જ્યારે જાપાનના પ્રધાનમંત્રી શિગેરુ ઇશિબા સાથે આ તેમની પહેલી શિખર બેઠક હશે. વિદશ મંત્રાલયે જણાવ્યું , આ પ્રવાસ દરમિયાન બંને પ્રધાનમંત્રી બંને દેશ વચ્ચે વિશેષ વ્યૂહાત્મક અને વૈશ્વિક ભાગીદારીની સમીક્ષા કરશે. તેમાં સંરક્ષણ અને સુરક્ષા , વેપાર અને અર્થવ્યવસ્થા , ટૅક્નોલૉજી અને નવિનતા તેમજ પરસ્પર સહકાર સામેલ છે.

બંને પ્રધાનમંત્રી પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. આ પ્રવાસ બંને દેશ વચ્ચે લાંબા સમયથી રહેલા પરસ્પર સંબંધને વધુ મજબૂત બનાવશે.

જાપાનના પ્રવાસ બાદ શ્રી મોદી ચીન જશે , જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગના નિમંત્રણ પર 31 ઑગસ્ટથી પહેલી સપ્ટેમ્બર સુધી તિયાનજિન ખાતે યોજાનારા શાંઘાઈ સહકાર સંગઠન- **S.C.O.** શિખર સંમેલનમાં ભાગ લેશે.

. . . . . .

# ASHWINI VAISHNAV

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે એક દિવસ ગુજરાતના પ્રવાસે આવશે.

તેઓ આજે અમદાવાદના સાણંદની ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ- G.I.D.C. બેની મુલાકાત લેશે. દરમિયાન તેઓ પાઇલટ પ્રોડક્શન ફેક્ટરી સીજી સેમિ પ્રોજેક્ટના ઉદ્ઘાટન “પ્રારંભ”માં ઉપસ્થિત રહેશે.

. . . . . . .

# COTTON DUTY EXEMPT

સરકારે કાચા કપાસની આયાત પર કરમુક્તિ આ વર્ષે 30 સપ્ટેમ્બરથી 31 ડિસેમ્બર સુધી વધારવાનો નિર્ણય કર્યો છે.

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું , આ નિર્ણય ભારતીય કાપડ ઉદ્યોગ માટે કપાસની ઉપલબ્ધતા વધારવાના હેતુસર કરાયો છે. આ પહેલા સરકારે કપાસની આયાત પર 19 ઑગસ્ટથી 30 સપ્ટેમ્બર સુધી કામચલાઉ કરમુક્તિ આપી હતી.

. . . .

# PMJDY 11 YEARS

પ્રધાનમંત્રી જનધન યોજનાને આજે 11 વર્ષ પૂર્ણ થયા. આ વિશ્વની સૌથી મોટી નાણાકીય સમાવેશક પહેલમાંથી એક છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 15 ઑગસ્ટ 2014માં લાલ કિલ્લાની પ્રાચિર પરથી આ પહેલની જાહેરાત કરી હતી.

**(વોઈસ કાસ્ટ – અમન યાદવ)**

. . . . . . . . .

# PREZ NUAKHAI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નુઆખાઈ પર્વ નિમિત્તે ઓડિશાના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં સુશ્રી મુર્મૂએ કહ્યું , ખેતી પ્રત્યે સન્માન અને ખેડૂતો પ્રત્યે આભાર વ્યક્ત કરવાનું એક પવિત્ર પર્વ છે.

નુઆખાઈને સદભાવના અને પરસ્પર સ્નેહનું પ્રતિક ગણાવતા સુશ્રી મુર્મૂએ આ પર્વ તમામના જીવનમાં આનંદ, શાન્તિ અને સમૃદ્ધિ લાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

. . . .

# JK ENCOUNTER

જમ્મુ-કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં ગુરેજ ક્ષેત્રમાં નિયંત્રણ રેખા- L.o.C. પર ઘૂસણખોરીના પ્રયાસને સેનાએ નિષ્ફળ બનાવી બે આતંકવાદીને ઠાર કર્યા છે.

અધિકારીઓએ જણાવ્યું, નૌશહરા નાર્દ પાસે આ આતંકવાદીઓ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા હતા. હજી પણ તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

આ પહેલા 25 ઑગસ્ટે સંયુક્ત દળોએ બારામૂલાના ઉરી ક્ષેત્રમાં નિયંત્રણ રેખા પર ઘૂસણખોરીના એક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

. . . . . . . . . . .

# J&K COMMITTEE

જમ્મુ કાશ્મીર સરકારે સર્વોચ્ચ અદાલતના નિર્દેશોનું પાલન કરીને કામચલાઉ અને કરાર આધારીત વિશેષ શિક્ષકોને નિયમિત કરવાના મામલાની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરી છે.

તેના અધ્યક્ષ શાળા શિક્ષણ વિભાગના વહીવટી સચિવ હશે. સમિતિમાં જમ્મુ અને કાશ્મીરમાં દિવ્યાંગો માટે કમિશનર અને ભારતીય પુનર્વસન પરિષદ દ્વારા નિયુક્ત કરાયેલ વ્યક્તિ સભ્ય તરીકે હશે.

જમ્મુ અને કાશ્મીરમાં સમગ્ર શિક્ષા પરિયોજનાના નિદેશકની સમિતિના કાર્યનું સંકલન કરવા તેમજ સમિતિ એક મહિનાની અંદર તેનો અહેવાલ રજૂ કરે તેની ખાતરી કરવા કહેવામાં આવ્યું છે.

. . . . . . . . .

# AIR MARSHAL-CHODs

થાઇલેન્ડમાં ચાલી રહેલા  સંરક્ષણ વડાઓના વાર્ષિક સંમેલનથી અલગ ભારતના સંકલિત સંરક્ષણ સ્ટાફના વડા એર માર્શલ આશુતોષ દીક્ષિતે વિયેતનામ, દક્ષિણ કોરિયા અને બ્રિટનના વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓ સાથે બેઠકો યોજી હતી.

તેમણે આ દેશો સાથે સંરક્ષણ સહયોગને વિસ્તૃત કરવા , દરિયાઈ સહયોગને આગળ વધારવા, વ્યાવસાયિક લશ્કરી આદાનપ્રદાનને વધુ ગાઢ બનાવવા અને ટેકનોલોજી સહિત ભાગીદારીના નવા ક્ષેત્રો અંગે ચર્ચા કરી. એર માર્શલ દીક્ષિતે યુએસ ભારત-પ્રશાંતના કમાન્ડના કમાન્ડર એડમિરલ સેમ્યુઅલ પાપારો સાથે દ્વિપક્ષીય વાટાઘાટો પણ કરી હતી.

ઉલ્લેખનીય છે કે એર માર્શલ આશુતોષ દીક્ષિત હાલમાં આ સંમેલનમાં ભાગ લેવા થાઇલેન્ડમાં છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

**. . . . . . .**

# ARGENTINA VISA

અર્જેન્ટિનાએ ભારતીય નાગરિકો માટે પ્રવેશ નિયમ હળવા કર્યા છે. તેનાથી માન્ય અમેરિકી પ્રવાસી વિઝા ધરાવતા લોકોને અર્જેન્ટિનાના વિઝા માટે અલગથી અરજી કર્યા વગર પ્રવાસ કરવાની છૂટ મળી છે.

આ નિર્ણયનું સ્વાગત કરતા ભારતમાં અર્જેન્ટિનાના રાજદૂત મારિયાનો કૉસિનોએ એક સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું , આ રાજપત્રિત આદેશ પ્રવાસી વિઝા ધરાવતા ભારતીય નાગરિકોને અર્જેન્ટિનાના વિઝા માટે અરજી કર્યા વગર પ્રવેશ કરવાની છૂટ આપે છે.

તેમણે આ સમાચારને બંને દેશ માટે સારા ગણાવતા કહ્યું , વધુને વધુ ભારતીય પ્રવાસીઓને સ્વાગત કરવા અર્જેન્ટિના તૈયાર છે.

. . . . . . . . . .

# ISRAEL EVACUATE

ઇઝરાયેલે ગાઝા શહેર અને ઉત્તર ગાઝાપટ્ટીના રહેવાસીઓને દક્ષિણ તરફ જવા જણાવ્યું. ઇઝરાયેલ સંરક્ષણ દળ આ ક્ષેત્રમાં નવું સૈન્ય અભિયાન શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે.

ઇઝરાયેલી સંરક્ષણ દળના પ્રવક્તા આ સોશિયલ મીડિયા સંદેશમાં નાગરિકોને દક્ષિણ તરફ જવા આગ્રહ કર્યો. તેમણે કહ્યું , નાગરિકોને પૂરતી માનવતાવાદી મદદ મળશે અને તે માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

સંદેશમાં તેમણે દક્ષિણમાં ભીડ હોવાની અફવાને ખોટી ગણાવી અને દક્ષિણ પટ્ટીમાં કેન્દ્રીય શિબિરો તથા અલમવાસી સહિત વિશાળ ખાલી જગ્યા ઉપલબ્ધ હોવાનું જણાવ્યું.

. . . . . . . . .

# IMD WEATHER

હવામાન ખાતાએ આજે છત્તીસગઢ , કર્ણાટકના દરિયાકાંઠા , મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં કેટલાક સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે. ઓડિશા , વિદર્ભ, મધ્યપ્રદેશ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને ઝારખંડમાં આગામી બેથી ત્રણ દિવસ ધોધમાર વરસાદની સંભાવના છે.

જ્યારે ગુજરાત ક્ષેત્ર , ગોવા, કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ આવું જ વાતાવરણ રહેવાની શક્યતા છે. ઉત્તરાખંડ , હિમાચલ પ્રદેશ, પૂર્વ રાજસ્થાન અને હરિયાણામાં આગામી સાત દિવસ સાત દિવસ કેટલાક સ્થળ પર ભારે વરસાદ થઈ શકે છે.

દિલ્હી રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પણ આગામી પાંચ દિવસ મધ્યમ વરસાદની આગાહી છે.

. . . . . . . . . . .

# HIMACHAL RESCUE

હિમાચલ પ્રદેશમાં , તાજેતરના ભારે વરસાદ પછી જનજીવન પાટા પર લાવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ભૂસ્ખલન અને પૂરને કારણે , બે રાષ્ટ્રીય ધોરીમાર્ગો અને 582 રસ્તાઓ વાહનવ્યવહાર માટે બંધ છે.

દરમિયાન, ચંબા જિલ્લામાં મણિમહેશ યાત્રાના હજારો શ્રદ્ધાળુઓ ફસાયેલા છે , જોકે વહીવટીતંત્રે તેમને આશ્રયસ્થાનોમાં સલામત રીતે ખસેડ્યા છે. કુલ્લુ જિલ્લામાં, વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને , બંજર અને મનાલી સબડિવિઝનમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ આજે બંધ છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના અહેવાલ મુજબ , હિમાચલ પ્રદેશમાં આ ચોમાસાની ઋતુ દરમિયાન અત્યાર સુધીમાં 310 લોકોએ જીવ ગુમાવ્યા છે , જ્યારે 38 હજુ પણ ગુમ છે. ભારે વરસાદને કારણે રાજ્યભરમાં 3,500 થી વધુ ઘરોને નુકસાન થયું છે.

. . . . .

# GRAND CHESS TOUR FINAL

ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનનંદાએ ગ્રાન્ડ ચેસ ટૂર ફાઈનલમાં જગ્યા બનાવી છે. પ્રજ્ઞાનનંદાએ સિન્કફિલ્ડ કપમાં ઉપવિજેતા બનીને પોતાની જગ્યા સુનિશ્ચિત કરી છે. જ્યારે અમેરિકાના વેૅસ્લી સોએ આ ટૂર્નામેૅન્ટનો ખિતાબ જીત્યો છે.

વેૅસ્લી સોએ નવમા અને છેલ્લા રાઉન્ડમાં ઉઝ્બેકિસ્તાનના ખેલાડીને પરાજય આપીને અને પ્રજ્ઞાનનંદા તથા ફૅબિયાનો કારુઆના સાથે ડ્રૉ મૅચ રમી.

પ્રજ્ઞાનનંદાએ અમેરિકાના લેવોન આરોનિયન સાથે ડ્રૉ મૅચ રમી અને કારુઆનાને હરાવ્યા. જ્યારે કારુઆના ટાઈબ્રેકમાં એકમાત્ર ડ્રૉ વેૅસ્લી સો સામે રમશે.

. . . . . .

# US OPEN

અમેરિકી ઑપન ટૅનિસ ટૂર્નામૅન્ટમાં નોવાક જોકોવિચે પુરુષ સિંગલ્સમાં અમેરિકાના જાચરી સ્વેઝ્દાને હરાવ્યા. પુરુષ સિંગલ્સની અન્ય એક મૅચમાં સ્પેનના કાર્લોસ અલ્કરાઝે ઇટાલીના મટિયા બેલૂચીને હરાવ્યા.

મહિલા સિંગલ્સમાં જાપાનનાં નાઓમી ઑસાકાએ બેલ્જિયમનાં ગ્રિટ મિનેનને હરાવીને આગામી રાઉન્ડમાં પ્રવેશ કર્યો. મહિલા સિંગલ્સની અન્ય એક મૅચમાં મીરાં ઍન્ડ્રીવાએ અનાસ્તાસિયા પોટાપોવાને હરાવ્યાં.

. . . . . .